

# ફૂડ સેફ્ટીમાં કેમ લોલમલોલ છે?

## પગરવ

★ પ્રશસ્ત પંડયા

આ દેશમાં અને રાજ્યમાં હાલમાં આહારમાં થતી ભેળસેળ અને તેની તપાસને લઈને ખાસ્સી ચર્ચા છે. વિશેષ કરીને આ મુદ્દાની દેશભરમાં ચર્ચા થઈ રહી છે તેનું એક કારણ મહારાષ્ટ્રના 'ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન'ના કમિશનર તુકારામ મુંઢે છે. બીજું ખરાબ આહારના કારણે અમદાવાદ-સુરતમાં થયેલા બાળકોનાં મૃત્યુની ઘટના છે. જોકે હજુ તે તપાસનો વિષય છે કે મૃત્યુ આહારથી થયા છે કે નહીં. ઉપરાંત, દર વર્ષે ચોમાસા દરમિયાન વ્યાપક રીતે થતી બીમારીઓ છે અને ચોથું કારણ તે પ્રત્યે સતત આવી રહેલી જાગ્રતતા છે. આહારમાં થતી ભેળસેળનો મુદ્દો સર્વને લાગુ પડે છે અને તે પ્રત્યેની બેદરકારી કોઈને પોસાય તેમ નથી. દેશભરમાં આહારની સુરક્ષા અને તેના માપદંડ જાળવવાની જવાબદારી 'ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા' (FSSAI) સંસ્થાની છે. આ સ્વાયત્ત સંસ્થા છે અને તે સ્વાસ્થ્ય મંત્રાલય અંતર્ગત આવે છે. હવે સૌથી પહેલાં તો આ વિભાગનાં કાર્ય શું છે તે સમજી લઈએ. 2006માં FSSAIની સ્થાપના થઈ અને તે મુજબ કોઈ પણ આહાર કેવી રીતે બને છે, તેનું ટ્રાન્સપોર્ટેશન અને વેચાણ કેવી રીતે થાય છે - તેની દેખરેખ રાખવાનું છે. બીજું કે આહાર સંબંધિત જ્યારે પણ કોઈ ફરિયાદ આવે તો FSSAIના અધિકારીઓએ તે આહારનું સેમ્પલ કલેક્ટ કરીને તેની તપાસ કરવાની છે. 'બીબીસી'ના એક અહેવાલ મુજબ FSSAIના પૂર્વ ડિરેક્ટર પવન અગ્રવાલ કહે છે કે 'આપણા ત્યાંનો આ કાયદો વિશ્વમાં આહાર સંબંધિત સૌથી આધુનિક કાયદો છે અને તેમાં સ્પષ્ટ રીતે માપદંડ ઘડવામાં આવ્યા છે કે કઈ રીતે આહાર બનાવવા અને વેચવા જોઈએ.'







**દેશભરમાં આહારની સુરક્ષા અને તેના માપદંડ જાળવવાની જવાબદારી 'ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયા' (FSSAI) સંસ્થાની છે, આ સ્વાયત્ત સંસ્થા છે અને તે સ્વાસ્થ્ય મંત્રાલય અંતર્ગત આવે છે**

આહારનો મુદ્દો વ્યાપક છે અને તેમાં અનેક પ્રકારની ફરિયાદો છે. ઉપરાંત રાજ્યવાર અને વિસ્તારો મુજબ આહારમાં ખૂબ ભિન્નતા છે. પરંતુ કેટલીક પાયાની બાબતો FSSAIના અધિકારીઓ ફરિયાદ કરે છે તેમાંથી એક આહાર સંબંધિત ચીજવસ્તુઓનું થતું નબળું પેકિંગ - જેમ કે તેલ, લોટ અને મસાલા જેવી આહારની અનેક ચીજવસ્તુઓ યોગ્ય પેકેજિંગ દ્વારા વેચાતી નથી. ઘણી વાર તો તે ખૂબ નાનાં પેકેજિંગમાં વેચાય છે. બજારની આ વેચાણ પ્રક્રિયાને કેવી રીતે રેગ્યુલેટ કરી શકાય, જ્યારે દેશમાં લાખોની સંખ્યામાં નાના વેપારીઓ છે અને નોંધાયેલી ન હોય તેવી દુકાનો છે. બીજું કે આ પૂરું ક્ષેત્ર અસંગઠિત છે અને તે કારણે આહાર સંબંધિત ચીજવસ્તુઓનું વેચાણમાં રિપેકેજિંગ અને નજીવા લખાણથી તેનું વેચાણ થાય છે. આ કિસ્સામાં કોઈ ઉત્પાદન ક્યાંથી આવ્યું તે ગ્રાહક સુધી આવે ત્યાં સુધી નક્કી કરવું મુશ્કેલ છે. બીજું કે ઘણાં કિસ્સામાં નિયમો એવાં પણ છે કે ઉદ્યોગ કે વેપારીઓ પોતાની મેળે સેમ્પલ FSSAIને મોકલી આપવાના છે. પરંતુ એવી અપેક્ષા તમામ ઉદ્યોગપતિ અને વેપારીઓ પાસેથી રાખી શકાય નહીં.

FSSAIની આ પાયાની માહિતી છે. આ વિભાગની કાર્યવાહીના ન્યૂઝ જ્યારે અખબાર-ટેલિવિઝનમાં આવે છે ત્યારે તેના પર આપણી સૌની નજર જાય છે. પણ આ કાર્યવાહી વધુ સઘન અને કડક થવી જોઈએ - તેવું સૌ કોઈને લાગતું હશે. કારણ એક-બે જગ્યાએ તપાસ કરીને FSSAI હેડલાઈન તો મેળવે છે, પરંતુ આ કાર્યવાહી સતત થતી નથી અને વ્યાપક રીતે થતી નથી. હવે આવું નથી થતું તેનું મુખ્ય કારણ FSSAIમાં સ્ટાફની કમી છે. હવે આ સ્ટાફની કમી દેશમાં દરેક રાજ્યમાં 33 ટકાથી લઈને 90 ટકા સુધી છે. હવે એક માત્ર મહારાષ્ટ્રની વાત કરીએ તો ત્યાં ફૂડ સેફ્ટી ઓફિસર્સની કુલ જગ્યાઓ 307 છે, પરંતુ તેમાં ભરાયેલી જગ્યાઓ માત્ર 118 છે. બાકીની 61 ટકા જગ્યાઓ ખાલી છે. એ રીતે ઉત્તર પ્રદેશમાં ફૂડ સેફ્ટી ઑફિસર્સની મંજૂર કરવામાં આવેલી જગ્યાઓ 728 દર્શાવાય છે, પરંતુ તેમાંથી અત્યાર સુધી ભરાયેલી જગ્યાની સંખ્યા માત્ર 330 છે. ઝારખંડમાં તો આ રેશિયો ખૂબ ખરાબ છે. 124 સામે માત્ર 9 ફૂડ સેફ્ટી ઓફિસર્સ જ પદ પર છે. આપણા રાજ્યનો આંકડો કંઈ વધુ સારો નથી. તેમાંય 306 ફૂડ સેફ્ટી ઓફિસર્સ સામે માત્ર 162 જગ્યાઓ જ ભરાયેલી છે. મતલબ કે હજુ સરકાર માટે પણ આ વિભાગ પ્રાથમિકતામાં હોય એવું લાગતું નથી. આપણી સરકાર દુનિયાભરના ખર્ચ કરે, ઉત્સવો મનાવે, પોતાની છબી ચમકાવવા કરોડોના ખર્ચ કરે, પરંતુ જ્યારે લોકોના સ્વાસ્થ્ય સંબંધિત કોઈ મુદ્દો આવે તો તેની પ્રાથમિકતા આપવામાં આવતી નથી. સરકાર પાસે આ જગ્યાઓ ન ભરવાનું કોઈ વાજબી કારણ કોઈને નહીં હોય, તેમ છતાં તે થતું નથી.

FSSAIની અસરકારકતા જેવી હોવી જોઈએ તેવી નથી રહેતી; તેનું બીજું કારણ તેની તપાસમાં કોઈ આહારમાં ભેળસેળ થઈ હોવા છતાં તેમાં સજા આપવાની ઘટના ભાગ્યે જ બને છે. હાલમાં આપણી પાસે સંસદમાં સ્વાસ્થ્ય મંત્રીએ આપેલો એક જવાબ તેનો આધાર છે. આ જવાબમાં મંત્રી કહે છે કે 2019-21 દરમિયાન FSSAI દ્વારા કુલ 7,942 આહારના સેમ્પલ લેવામાં આવ્યા હતા, તેમાંથી 1,906 સેમ્પલ માપદંડ મુજબ નહોતા. હવે સ્વાભાવિક છે કે આ તમામ પર કાર્યવાહી થવી જોઈએ. તેની પૂરતી તપાસ થયા પછી સજા કે દંડની જોગવાઈ માત્ર 10 કેસમાં થઈ શકી. વર્તમાન વર્ષના પણ આંકડા જો મળે તો FSSAIના કિસ્સામાં સજાપાત્ર બની હોય તેવી ઘટના ઓછી હશે. જોકે સરકારી વેબસાઈટ પર સામાન્ય રીતે જોવા મળે તેવા જ આંકડા છે. મતલબ કે સરકાર પૂરતી કાર્યવાહી કરે છે. તેમાં 2022થી 2025 દરમિયાનના જે આંકડા છે તેમાં આહારના સેમ્પલનો આંકડો સવા પાંચ લાખનો છે. તેમાં 88,192ને દંડ કરવામાં આવ્યો હતો અને 3,614ને સજા થઈ અને 1,161નાં લાઈસન્સ રદ કરવામાં આવ્યાં હતાં.

આંકડા લાખોમાં છે અને તેમાં થયેલી કાર્યવાહી દેખાય છે તેમ છતાં આહારની બાબતમાં ઘણું અધ્ધરતાલ ચાલે છે. તે વિશે વિગતે જાણવું હોય તો 'ફૂડ ફાર્મર' તરીકે ઓળખાતા રેવંત હિમતસિંગકાના વિડિયો જોઈ લેવા. રેવંતે અનેક કંપનીઓની અને પ્રોડક્ટની પોલ ખોલી છે. બીજું કે તેઓ મોટી-મોટી કંપનીઓના આહાર પ્રોડક્ટ વિશે જે તથ્યો રજૂ કર્યા અને તેમના પર તે કારણે માનહાનિના દાવા થયા છે, પરંતુ તેમની સામે કોઈ કંપની ટકી શકી નથી. બોર્નવિટા મેન્યુફેક્ચર કરનારી કંપનીને રેવંતના કારણે કોર્ટમાં જઈને સ્પષ્ટતા કરવી પડી હતી અને સાથે સાથે તેમના પ્રોડક્ટમાં સુધારા-વધારા પણ કરવા પડ્યા છે. જે કામ સરકારના વિભાગોનું છે તે કામ આ રીતે એક જાગ્રત નાગરિક કરી રહ્યા છે. ફૂડ સેફ્ટીના નામે થતી ધાંધલી આ રીતે 2015માં પણ સામે આવી હતી, જ્યારે મેગી નૂડલ્સના સેમ્પલ ઉત્તર પ્રદેશના ફૂડ સેફ્ટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને તપાસ માટે મોકલ્યા હતા. આ તપાસ બાદ મેગી નૂડલ્સની વિવિધ નવ પ્રોડક્ટ પર FSSAIએ પ્રતિબંધ મૂક્યો હતો. જોકે આખરે બોમ્બે હાઈકોર્ટે આ પ્રતિબંધ એમ કહીને હટાવી દીધો હતો કે પ્રતિબંધ અગાઉ મેન્યુફેક્ચરિંગ કંપનીને પોતાનો પક્ષ મૂકવાની તક મળી નહોતી.

'ફૂડ ફાર્મર' તરીકે ઓળખાતા રેવંત હિમતસિંગકા હાલમાં શાળાઓમાં જઈને વિદ્યાર્થીઓ પાસે કેટલીક પ્રોડક્ટની તપાસ કરાવે છે. આ પ્રોડક્ટ હળાહળ ખોટું લખીને પણ અત્યારે માર્કેટમાં મળી રહી છે. તે અંગે FSSAI કોઈ કાર્યવાહી કરતી નથી. જેમ કે, રેવંતના ફેસબુક પર એક વિડિયો જોવા મળે છે, તેમાં કિસાન ફ્રેશ ટોમેટો કેચ-અપ લઈને બાળકો તેના પેકેટ પર આપેલી વિગતો વાંચી રહ્યા છે. આ વિગતોમાં ઉપર એવું લખેલું છે કે, 'કિસાન ફ્રેશ ટમેટો' અને સાથે સાથે તેમાં '100 ટકા ટમેટાથી નિર્મિત' એવું પણ લખેલું છે. હવે તે જ પેકેટના પાછળ વાંચીએ તો તેમાં 28 ટકા જ ટોમેટો પેસ્ટ ઉપયોગમાં લેવાયો છે તેમ વિગતમાં છે.

આ બધું વંચાવીને રેવંત બાળકોને પૂછે છે કે તમને એવું લાગે છે કે - 'આ ટોમેટો કેચ-અપ આપણે ખાવો જોઈએ?' સ્વાભાવિક છે કે બાળકોએ જવાબ 'ના' આપ્યો હતો.

FSSAI અત્યારે એક્ટિવ મોડ પર દેખાય છે. રાજ્યનું ફૂડ ડિપાર્ટમેન્ટ પણ જ્યાં-ત્યાં તપાસ કરી રહ્યું છે. જોકે તેમ છતાં જ્યારે આ વિષયમાં વધુ ઊંડા ઉતરીએ ત્યારે એવું લાગે કે હજુ ઘણું આ કિસ્સામાં થવું જોઈએ. આપણે વિકાસના બણગાં ફૂંકીએ અને પાયાની બાબતો પર ધ્યાન ન અપાય તો તે વિકાસ કોઈ કામનો નથી.